# અરવલ્લીમાં કોરોનાના વધુ ૪ કેસ : કુલ ૩૧૮

મોડાસા, તા.૨૬

રવિવારના રોજ અરવલ્લી જિલ્લામાં વધુ ૪ નવા પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૩૧૮ પર પહોંચ્યો છે. રવિવારના રોજ અરવલ્લીમાંથી ૪ કોરોના પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે. જિલ્લામાં રોજે રોજ કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસરતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

અરવલ્લીમાં દિવસેને દિવસે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. રવિવારે મોડાસાના પાલનપુરના ઠાકોરવાસમાં ૩૮ વર્ષિય યુવક, મધુવન સોસાયટીમાં ૪૧ વર્ષિય પુરુષ, મોદીની ખડકી ગાંધીવાડા વિસ્તારમાં ૬૫ વર્ષિય મહિલા અને માલપુરની બ્રાહ્મણવાડી પાછળના વિસ્તારમાં ૭૦ વર્ષિય પુરુષ કોરોનાગ્રસ્ત બન્યા હતા. તમામ કોરોના પોઝેટીવ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરી સઘન સારવાર હાથ ધરી હતી. મોડાસામાં વધુ કોરોનાના પોઝીટીવ કેસો નોંધાતા સ્થાનિક પાલિકા તંત્ર, પંચાયત તેમજ આરોગ્ય તંત્રની ટીમો જે-તે વિસ્તારમાં પહોંચી ગઈ હતી અને કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોને કોરોન્ટાઈન કરી તબીબી પરીક્ષણ હાથ ધરી સમગ્ર વિસ્તારને સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.

# નેશનલ હાઈવે નં. ૮ પર પડેલા ખાડાએ વધુ એકનો ભોગ લીધો

## શામળાજી આરટીઓ ચેકપોસ્ટ નજીક બાઈક ખાડામા ખાબકતા અકસ્માતમાં એકનું મોત

શામળાજી, તા. ૨૬

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ પર રહેલા ખાડાઓના પગલે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. પુરપાટ ઝડપે દોડતા વાહનચાલકો હાઈવે પર પડેલા ખાડાઓથી અજાણ હોવાથી ખાડામાં વાહન ખાબકતા વાહનચાલક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા વારંવાર નાના-મોટા અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે.

શામળાજી આરટીઓ ચેકપોસ્ટ નજીક બાઈક ખાડામાં ખાબકતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે ભટકાતા બાઈક પાછળ બેઠેલા શામળાજીના વેપારીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો પરંતુ સારવાર મળે તે પહેલા રસ્તામાં પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા હિંમતનગર સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજીના આશાસ્પદ વેપારીનું અકસ્માતમાં મોત નિપજતાં શામળાજી બજારના વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ભિલોડા તાલુકાના કારછા ગામના અને શામળાજી ખાતે દુકાન ધરાવતા અમિતભાઈ



પ્રકાશભાઈ ભાટિયા તેમના મિત્ર અને ગામના જ વિનુભાઈ ભાટિયાની બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા, વરસતા વરસાદમા ને. હાઈવે નં-૮ પર શામળાજી આરટીઓ કચેરી નજીક પડેલ ખાડો બાઈકચાલક વિનુભાઈ ભાટિયાને ન દેખાતા બાઈક ખાડામાં ખાબકતા બાઈક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે અથડાતા બાઈક પાછળ બેઠેલા અમિતભાઈના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર મળે તે પહેલા કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બાઈકચાલક વિનુભાઈ ભાટિયાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હિંમતનગર દવાખાને ખસેડાયા હતા, અકસ્માતની ઘટનાના પગલે વેપારી યુવકના પરિવારજનો અને સગા-સંબંધી દવાખાને દોડી આવ્યા હતા. વેપારીનું મોત નીપજ્યું હોવાની જાણ થતા ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. શામળાજીના વેપારીઓ અને લોકો પણ ઘટનાસ્થળે ઉમટ્યા હતા. અકસ્માતમાં શામળાજીના યુવાન વેપારીનું મોત થતા ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા. શામળાજી પોલીસે ઉમંગકુમાર કનુભાઈ ભાટિયાની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્મા વોર્ડ નં ૩ નગરપાલિકાના

# આયોજનના અભાવે દોઢ કરોડના ખર્ચે બનેલા રોડ પર પાણી ભરાયા

### ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા વાસણા રોડ નીચે ઉતારી નવીન બનાવ્યો પણ પ્રથમ વરસાદમાં જ બે ફૂટ જેટલા પાણી ભરાતા લોકોમાં રોષ ફેલાયો

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા નગરપાલિકા ધ્વારા વાસણા રોડ નીચે ઉતારી નવિન બનાવ્યો પણ પ્રથમ વરસાદમાં જ બે ફૂટ જેટલા પાણી ભરાતા



લોકોમાં રોષ ફેલાયો હતો.

ખેડબ્રહ્મા નગરપાલિકા ધ્વારા વાસણા રોડ થોડાક સમય પહેલા જ બનાવવામાં આવ્યો છે, હજુ ફિનિશીંગ કરવાનું પણ બાકી છે અને લોકાર્પણ થાય તે પહેલા પાણીના નિકાલના આગોતરા આયોજન વગર ઢીંચણ સમા પાણી ભરાયા હતા, જ્યારે આ રસ્તો ખોદીને નીચે ઉતારવાનો શરૂ કરવામાં આવ્યો હતો. સોસાયટીઓના રહીશો દ્વારા નગરપાલિકાના ઈજનેર, કોર્પોરેટર, કોન્ટ્રાક્ટરને ધ્યાન દોરવામાં આવ્યું હતું અને જણાવવામાં આવ્યું હતું કે ચોમાસામાં પુષ્કળ પાણી ભરાય છે તેનો નિકાલ થાય એ રીતે કામ કરવા વિનંતી કરવામાં આવી હતી પરંતુ હાલમાં કામની પરિસ્થિતિ જોતા રોડ ઉપર વાસણા જતા ખૂણા ઉપર ઢીંચણ સમા પાણી ભરાઈ રહ્યા છે. સોસાયટીઓમાં જવા-આવવા માટે માટે મોટી તકલીફ પડી રહી છે. નગરપાલિકામાં સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ પાણીનો નિકાલ કરવામાં આવતો નથી. હાલની પરિસ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે દોઢ કરોડના ખર્ચે બની રહેલ રોડ લોકાર્પણ પહેલા પાણીમાં ગયો હોય તેવું દેખાઈ રહ્યું છે. સત્વરે નવીન નીમણૂંકથી આવેલા નગરપાલિકાના ચીફ ઓફિસર આ બાબતે તપાસ કરી પાણીનો નિકાલ કરે તેવી પ્રજાની માગ ઉઠવા પામી છે.



### ખેડબ્રહ્માની જમીન વિકાસ બેંક પાસે ગટર ઉભરાઈ

ખેડબ્રહ્મા રેલવે સ્ટેશન પાસે નગર પાલિકાની ગટર છેલા કેટલાય સમયથી ઉભરાઈ રહી છે જેને લઈ લોકો ધ્વારા વારંવાર રજુઆત કરવાં છતાં નગરપાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામા ન આવતા ગટર ઉભારાય રહી છે જેને લઈ દુર્ગંધથી લોકોને ઘરમાં રહેવું મુશ્કેલ થઈ ગયું છે. સત્વરે નિકાલ કારવામાં નહીં આવે તો આ અંગે નગરપાલિકા ઉપ પ્રમુખ અરવિંદ ભાઈ ઠક્કરને રજુઆત કરવા છતાં કાંઈ ફેર પડતો નથી.

# અરણીવાડા ગામની સીમમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી શીહોરી પોલીસ

શિહોરી, તા. ૨૬

પોલીસ મહાનિરિક્ષક સુભાષ ત્રીવેદી બોર્ડર રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ બનાસકાંઠા, પાલનપુરનાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એચ. ચૌધરી તથા સર્કલ પો.ઈન્સ. કે.એસ. ચૌધરીનાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોહી/જુગારની પ્રવૃતીઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના હોઈ જે અનુસંધાને એસ.વી. આહિર પો.સબ.ઈન્સ શિહોરીનાઓ તથા અ.હેડ.કોન્સ. ભુપતભારથી જીવાભારથી બ.નં. ૮૯૨ તથા અ.હેડ.કોન્સ. વદનાજી ભારાજી બ.નં. ૧૫૬૯ તથા પો.કોન્સ. શૈલેષકુમાર ગણપતભાઈ બ.નં.૮૧૪ તથા પો.કોન્સ. રમેશકુમાર રૂપાભાઈ બ.નં.૬૩૮ તથા પો.કોન્સ.આબાદખાન ઈનાયતખાન બ.નં.૧૪૩૮ તથા પો.કોન્સ. જગુભા રણછોડજી બ.નં.૬૭૮ તથા પો.કોન્સ. અલ્પેશજી કરશનજી બ.નં. ૨૦૨૪ તથા પો.કોન્સ. દેવાજી મોઘાજી બ.નં.૧૮૮૦ નાઓ શિહોરી પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી/જુગાર લગત પેટ્રોલીગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા અરણીવાડા ગામે આવતા એસ.વી. આહિર પો.સબ.ઈન્સ શિહોરી નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અરણીવાડા ગામની સીમમાં આવેલ દલપુજી હેમતુજી સોલંકી રહે. અરણીવાડા તા. કાંકરેજવાળાનુ કુંમચારાની વાટવાળા ઉપર આવેલ ખેતરમાં સેદડાના ઝાડ નીચે કેટલાંક માણસો ભેગા થઈ ગંજી પાનાનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે જગ્યાએ જુગારની પંચો સાથે રેઈડ કરતા કેટલાક ઈસમો ભેગા થઈ



ગંજીપાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમી રમતા હોઈ જેઓ અમો પોલીસને જોઈ નાશવા જતા રમેશજી બાસ્કુજી રાઠોડ રહે. ભલાણીપાટી, મુડેઠા તા.કાંકરેજ, અર્જુનસીંહ ભવાનજસીંહ રાઠોડ રહે. ભલાણીપાટી, મુડેઠા તા.કાંકરેજ, ઉદેસીંહ બળવંતસીહ રાઠોડ રહે. ભલાણીપાટી, મુડેઠા તા.કાંકરેજ, હખતસીહ ઉમેદસીહ સોલંકી રહે. અરણીવાડા તા.કાંકરેજ, શામળાજી હમીરજી સોલંકી રહે. અરણીવાડા તા.કાંકરેજવાળાઓને પકડી પાડેલ તેમજ ગજુભા રાઘજી સોલંકી રહે.અરણીવાડા તા.કાંકરેજ, વિષ્નુજી સ્વરૂપજી સોલંકી રહે. અરણીવાડા તા.કાંકરેજવાળાઓ આજુબાજુ ખેતરોમાં નાશી ગયેલ તેમજ પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી તેમજ દાવના પટ ઉપરથી ગંજી પાના નંગ-પર તથા રોકડ રકમ રૂ.૧૦૨૯૦ તથા મોબાઈલ નંગ-૦૩ જેની ૧૨૫૦૦ કુલ ૨૨૭૯૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમાડતાં પકડાઈ ગયેલ હોઈ ઈસમો વિરૂધ્ધ શિહોરી પો.સ્ટે જુગાર ધારા કલમ ૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# ભાઈને એટેક આવ્યો બીજા ભાઈનો પરિવાર મદદ માટે પહોંચ્યોને ઘરે તસ્કરો ત્રાટક્યા

ભિલોડા, તા. ૨૬

અનલોક થયા બાદ ચોર લૂંટારૂઓ પણ ચોરી, તસ્કરીની ઘટનાને અંજામ આપવા સક્રિય થયા છે. લોકડાઉનમાં ચોરી, લૂંટની ઘટનાઓને લાગેલી બ્રેક લાગી હતી પરંતુ તસ્કરોએ પણ હવે સક્રિય થતા પોલીસને ચેલેન્જ આપી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે બંધ મકાનમા તસ્કરો ત્રાટકી ઘરમાં રહેલી રોકડ રકમ, મોબાઈલ અને બાઈક સહીત ૮૪ હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી થતા ભારે ચકચાર મચી હતી. ભિલોડા પોલીસને ઘર માલિકે ઘરમાં ધાડ પડી હોવાની જાણ કરતાં તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી રાબેતા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે રહેતા વિનોદકુમાર મણીલાલ પંચાલના ગામમાં જ રહેતા ભાઈ નરેન્દ્ર પંચાલને રાત્રીના સુમારે હૃદયરોગનો હુમલો આવતા ઢળી પડ્યાની જાણ વિનોદભાઈ અને તેમનો પરિવારને થતા વિનોદભાઈ અને તેમનો પરિવાર ઘર બંધ કરી તાબડતોડ ભાઈને સારવાર અર્થે દવાખાને લઈ જતા, આ તકનો લાભ લઈ તસ્કરો ત્રાટકી બંધ ઘરનો નકુચો તોડી ઘરમાં રહેલી તિજોરીમાં રાખેલ ૫૫ હજાર રૂપિયા રોકડ અને મોબાઈલ તેમજ ઘર આગળ પાર્ક કરેલી બાઈક મળી કુલ રૂ. ૮૪ હજારના મુદ્દામાલની ચોરી કરી જતા ભારે ચકચાર મચી હતી. ભાઈની સારવારમાં રહેલા ભાઈના ઘરે તસ્કરો ત્રાટકી ચોરો હજ્જારો રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો. ભિલોડા પોલીસ ચોરીની ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.



### બાયડ ડેપોના કર્મચારીઓએ આવેદનપત્ર આપ્યું

બાયડ આજરોજ એસટી ડેપોના કર્મચારીઓએ એસટી ડેપોને ખાનગીકરણ રોકવા તથા પડતર પ્રશ્નોને લઈ બાયડ માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલને આવેદનપત્ર પાઠવ્યું હતું. કર્મચારીઓના પડતર પ્રશ્નો નિરાકરણ લાવ માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# બનાસ ડેરીનું કાર્યક્ષેત્ર વધતા પશુપાલકોના નિશ્ચિત ઉજ્જવળ ભવિષ્યના મજબૂત પાયાનું થયું નિર્માણ

જીલ્લાની દૂધ ઉત્પાદકોની આર્થિક કરોડરજ્જુ સમાન બનાસડેરીની ૫૨ મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન શ્રી. શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને બનાસ ઓઈલ સંકુલ, બાદરપુરા ખાતે મળી હતી. જિલ્લાના લાખો દૂધ ઉત્પાદકો જેની કાગડોળે રાહ રહેલા દૂધ ઉત્પાદકો સાથે સોસીયલ મીડિયા પર પણ જોઈ રહેલા દૂધ ઉત્પાદકો અને ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ હતી. ચેરમેન શ્રી એ પશુપાલકોની અપેક્ષા મુજબ જ ૧૬.૬૬%નો ભાવ વધારો જાહેર કરતાં સમગ્ર જીલ્લામાં દિવાળી શક્ય બન્યું છે પાંચ વર્ષ પહેલા પશુપાલકોને મહિને ૨૮૭ કરોડ ચૂકવાતા હતા તે આજે ૭૨૮ કરોડ ચૂકવાય છે. બનાસડેરીની મુડી ૨૫૧ કરોડથી વધીને ૬૪૯ કરોડ થયેલ છે, ડેરી ની મિલકતો ૮૭૯ કરોડથી વધીને ૨૭૮૨ કરોડ થઈ છે, ડેરીનું ટર્નઓવર ખેડૂતોની આવકમાં ૧૫ ટકાનો વધારો થયો છે. બનાસ નવરસ અને અમૂલ જન્મય બ્રાન્ડથી વિવિધ ખાદ્યતેલોનું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના વરદ હસ્તે ટેક હોમ રાશન પ્લાન્ટ ની શરૂઆત થયો છે. બનાસડેરી દ્વારા ૨૫૦ વેટરનરી ડોક્ટરોની ટીમ દ્વારા પશુ સારવાર ૨૪ કલાક આપવામાં આવે છે. ગત વર્ષે કુલ સાડા પાંચ લાખ પશુ સારવાર ની વિઝીટ થઈ હતી.

તેમણે જિલ્લાના ખેડૂતોને મોટાપાયે વૃક્ષારોપણ કરવા







જોઈ રહ્યા હતા તેવો ભાવવધારો આજ રોજ ચેરમેનશ્રીએ જાહેર કરતાં સમગ્ર જિલ્લાના દૂધ ઉત્પાદકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. ચેરમનશ્રી. શંકરભાઈ ચૌધરીએ બાદરપુરા ખાતેથી ઓનલાઈન (વર્ચ્યુઅલ) સભાને સંબોધતા ૧૧૪૪ રૂ.

કરોડનો ભાવવધારો (નફો) જાહેર કરતાં સમગ્ર જીલ્લાની દૂધ મંડળીઓ પર સાધારણ સભામાં ભાગ લઈ જેવો માહોલ સર્જાયો હતો.

ચેરમેનશ્રીએ પ્રેઝન્ટેશન દ્વારા બનાસડેરીનો વિકાસનો આલેખ રજુ કરતાં જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલાં બનાસડેરીમાં દૂધ સંપાદન ૨૯.૯૬ લાખ લીટર હતું તે આજે ૫૯.૭૬ લાખ લીટરે પહોંચ્યું છે. દૂધ પરિવહનનો ખર્ચ પ્રતિ લિટરે ૩૬ પૈસા હતો તે ડીઝલ નો ભાવ વધવા છતાં ઘટીને ૩૩ પૈસા થયો છે. જે કરકસરયુક્ત વહીવટને કારણે ૫૪૪૧ કરોડથી વધીને ૧૨૧૭૦ કરોડ રૂપિયા થયું છે. પાંચ વર્ષ પહેલાં કાતરવા કેટલફીડ ઉત્પાદનની ક્ષમતા ૧૦૦૦ મેટ્રિક ટનની હતી તે આજે વધીને ૧૮૦૦ મેટ્રિક ટને પહોંચી છે. છેલ્લા ત્રણ વર્ષમાં સોલાર સિસ્ટમ અપનાવતા બનાસ ડેરીએ રૂપિયા ૫.૫૦ કરોડની વીજળી ઉત્પન્ન કરી છે, જર્મન ટેકનોલોજી લાવી ગોબરગેસ પ્લાન્ટ ની સફળતા પૂર્વક શરૂઆત કરી છે જેનાથી કરવામાં આવી છે જેની યુનિસેફ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

બનાસડેરી દ્વારા બટાટા પ્લાન્ટનો અદ્યતન પ્રોજેક્ટ હાથ ધરાયો છે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બનાસ ડેરીને મધ ઉત્પાદન દ્વારા સ્વીટ ક્રાંતિ કરવા જણાવાયું હતું તેમાં આપણે સફળતાપૂર્વક શરૂઆત કરીને ઝડપી પ્રગતિ કરી રહ્યા છીએ. જિલ્લાના પશુ દીઠ દૂધ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો આહવાન કર્યું હતું અને કોરોના મહામારી થી સરકાર દ્વારા સૂચવવામાં આવેલ પગલાઓ નું પાલન કરવા પણ ખેડૂતો અને પશુપાલકોને હૃદયપૂર્વક અપીલ કરી હતી.

બનાસ ડેરીના ઈ.ચા. મેનેજીંગ ડીરેક્ટર શ્રી કામરાજભાઈ ચૌધરીએ એજન્ડા ઉપરની કાર્યવાહી રજુ કરતાં તેને સર્વાનુમતે મંજુર રાખવામાં આવી હતી.

જિલ્લાના સાંસદ અને બનાસ ડેરીના ડિરેક્ટર શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે કોરોના ને કારણે સમગ્ર વિશ્વમાં મંદી છે પણ આપણને મંદી નડી નથી તો તેનું કારણ માત્ર બનાસડેરી છે જીલ્લામાં બનાસ ડેરી ન હોત તો ખેડૂતોને આ કપરા સમયમાં જીવનનિર્વાહ કરવો ખુબ જ કપરો થઈ જાત. ડેરીમાં દૂધ નું ઉત્પાદન વધ્યું છે ડેરીમાં રેકોર્ડબ્રેક ૭૩ લાખ લીટર દૂધ નું સંપાદન થયું છે તેનો અવેર કરવાનો યશ નિયામક મંડળ અને કર્મચારીઓને આપું છું. તેમણે પશુપાલકોને રેકોર્ડ ભાવ વધારો આપવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈને અભિનંદન આપતા જણાવ્યું હતું કે ડેરી દૂધ સિવાય અનેક પ્રોજેક્ટ હાથ ધરી ને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર કરી ને આત્મનિર્ભર ભારત માં યોગદાન આપી રહી છે તે સરાહનીય છે.

## બનાસ ડેરીની વર્ચ્યુઅલ સભાની સાથે સાથે

- જીલ્લાની તમામ દૂધ મંડળીઓ પર સવારથી જ દૂધ ઉત્પાદકોમાં ભાવવધારાને લઈને ભારે ઉત્તેજના જોવા મળતી હતી.
- તમામ દૂધ મંડળીઓ પર ટી.વી. સેટ અને કોમ્પ્યુટર સેટ દ્વારા સાધારણ સભા જોવાની વ્યવસ્થા ગોઠવાઈ હતી.
- લાખો લોકો સોસીયલ મીડિયા થકી એ.જી.એમ.માં જોડાયા.
- ચેરમેનશ્રીએ (નફો) ભાવવધારાની જાહેરાત કરતાં જ દૂધ ઉત્પાદકો આનંદથી ઝુંમી ઉઠ્યા હતા.
- જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો.
- ૧૧૪૪ કરોડ રૂ. જિલ્લામાં ઠલવાતાં જિલ્લાનું ગ્રામીણ અર્થતંત્ર મજબુત બનશે.
- બનાસડેરીના ઈતિહાસમાં ક્યારેય ન મળ્યો હોય તેટલો ભાવવધારો (નફો) ચૂકવાતાં જિલ્લાના દૂધ ઉત્પાદકોના ચહેરા પર સંતોષની લાગણી વર્તાતી હતી.
- જિલ્લાના વહીવટી તંત્રે માત્ર ૫૦ લોકોની સભાની મંજૂરી આપતાં સાધારણ સભા વર્ચ્યુઅલ (ઓનલાઈન ) થઈ.
- અગાઉ દૂધ ઉત્પાદકોએ પણ કોરોના સંક્રમણને લઈને સાધારણ સભા વર્ચ્યુઅલ (ઓનલાઈન) કરવાની માંગણી કરી હતી.
- સાધારણ સભા અગાઉ ૩ દિવસ બનાસ ડેરીના ડીરેક્ટરશ્રીઓએ પણ વિડીયો જારી કરીને ડેરીના અલગ અલગ વિભાગોની વિકાસની રૂપરેખા રજુ કરી હતી.
- ધાનેરા તાલુકાની થાવર દૂધ મંડળીએ વર્ષ દરમ્યાન ૧,૫૯,૪૧,૬૯૧ કી.ગ્રા. દૂધ સંપાદન કરીને જિલ્લામાં પ્રથમ નંબરે આવી.
- વહીવટી દ્રષ્ટિએ લાખણી તાલુકાની ગણેશપુરા દૂધ મંડળી પ્રથમ ક્રમે આવતાં સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ આદર્શ દૂધ મંડળી ફરતો શિલ્ડ મેળવ્યો. બીજા નંબરે દાંતા તાલુકાની પુંજપુર મંડળી આવતાં બંને મંડળીઓને અનુક્રમે રૂ. ૧૧,૦૦૦ અને રૂ. ૫,૦૦૦ના ઈનામ મળશે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં જિલ્લામાં સૌથી વધુ દૂધ ભરાવતી ૩ બહેનોને ઈનામ અપાશે જેમાં :
- પ્રથમ ક્રમે ચૌધરી નવલબેન દલસંગભાઈ મુ. નગાણા, તા. વડગામ જેમણે ૮૭,૯૫,૯૦૦ રૂ. નું દૂધ ભરાવતાં રૂ. ૨૫,૦૦૦ નું ઈનામ મેળવશે.
- દ્વિતીય ક્રમે માળવી કાનુબેન રાવતાભાઈ મુ. વિજાપુરા (ચારડા), તા. ધાનેરા જેમણે ૭૩,૫૬,૬૧૫ રૂ. નું દૂધ ભરાવતાં રૂ. ૨૧,૦૦૦ નું ઈનામ મેળવશે.
- તૃતીય ક્રમે ચાવડા હંસાબા હિંમતસિંહ મુ. જોઈતા, તા. વડગામ જેમણે ૭૨,૧૯,૪૦૫ રૂ. નું દૂધ ભરાવતાં રૂ. ૧૫,૦૦૦ નું ઈનામ મેળવશે.
- બનાસ ડેરીની સાધારણ સભાને લાઈવ ફેસબુક અને યુ ટ્યુબ ના માધ્યમ થી ૬.૨ લાખ લોકોએ નિહાળી